# મહે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. વલ્લભીપુર.

ક્રિ.કેસ નં. ૬૫૬/૨૨
આંક–૧ લગત હુકમ

ફરીયાદી : શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપી : ભરતભાઇ મનજીભાઇ કાલોદરા વિ... કુલ–૬

ગુન્હો:- જુગારધારા કલમ–૧૨ મુજબ

૧) ફરીયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ઉપરોક્ત ગુના અંગેનું ચાર્જશીટ કરેલ.

૨) ત્યારબાદ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિનામુલ્યે મળ્યાની ખાતરી કરી પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી કબુલાત કરેલ તેમજ અલગથી કબુલાત પુરસીસ પણ આપીને તેમણે ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપીઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવવા છતાં અને સમજાવવાં છતા પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોઈ કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવેલ છે.

૩) આરોપીઓ સામે જુગારધારાની કલમ-૧૨ મુજબના સામાન્ય ગુનાનું તહોમત છે તેમજ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની / મોટી ઉંમરના ગરીબ અને મધ્યમ વર્ગના માણસો જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળબચ્ચાવાળા છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી. તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે તેમજ તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવે છે તથા કુટુબના સભ્યોમાં બિમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન અને મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનું છું.

૪) નામ.ગુજરાતની વડી અદાલતે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાને લઇ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઇ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે જેથી આરોપીઓની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઇ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઇએ તેમ હું નમ્રપણે માનું છું. સજા અંગે વિ.એ.પી.પી.શ્રી અને આરોપીઓને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

--૦( હુ ક મ )૦--

- આ કામના પ્રત્યેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે જુગારધારા કલમ-૧૨ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી પ્રત્યેકને રુ.૧૦૦/- (અંકે રુપિયા સો પુરા) કુલ દંડ રૂ. ૬૦૦/- ( અંકે છસો પુરા ) ના દંડની સજા, જો દંડ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ નાણા શ્રી સરકારમાં જમા કરાવવા તથા અન્ય મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીગમાં જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૩
સ્થળ:– વલ્લભીપુર.

( પ્રિયંકા જૈમિન સુરતી )
જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વલ્લભીપુર.
કોડ નં.જીજે૦૧૫૭૦